# 4. ભારતનો સાહિત્યિક વારસો

## સ્વાધ્યાય

### પ્રશ્ન 1: નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો:

**(1) ભારતમાં વેદો કેટલા છે અને કયા કયા છે તે સમજાવો.**

- વેદો ચાર છે: (1) ઋગ્વેદ (2) સામવેદ (3) યજુર્વેદ (4) અથર્વવેદ
- ઋગ્વેદ: તે ભારતીય સાહિત્યનું પ્રાચીનતમ પુસ્તક છે. તે 10 ભાગમાં વહેંચાયેલો અદ્ભૂત ગ્રંથ છે. તેમાં કુલ 1028 ઋચાઓ છે. તેમાંથી મોટા ભાગની ઋચાઓ દેવોને લગતી સ્તુતિઓ છે. આ સ્તુતિઓ યજ્ઞપ્રસંગે કરવામાં આવતી. તેમાંથી ઉષાને સંબોધન કરતી કેટલીક સ્તુતિઓ ખૂબ જ મનમોહક છે. આ ગ્રંથ સપ્તસિંધુ પ્રદેશમાં વસતા આર્યોની રાજકીય, સામાજિક, ધાર્મિક તેમજ આર્થિક બાબતોનું વર્ણન કરે છે.
- સામવેદ: તેમાં ઋગ્વેદની ઋચાઓનું ગાન કરવાની વિધિ દર્શાવવામાં આવી છે. આ શ્લોકો રાગ અને લય સાથે ગવાય છે. તેથી તેને 'સંગીતની ગંગોત્રી' કહે છે.
- યજુર્વેદ: તે યજ્ઞનો વેદ કહેવાય છે. તે ગદ્ય અને પદ્ય સ્વરૂપમાં રચાયેલ છે. તેમાં યજ્ઞોના મંત્રો, ક્રિયાઓ અને વિધિઓનું વર્ણન કરવામાં આવી છે.
- અથર્વવેદ: તેમાં અનેક પ્રકારના કર્મકાંડો અને સંસ્કારોનું વર્ણન છે.

**(2) તક્ષશિલા વિદ્યાપીઠ વિશે નોંધ લખો.**

- સ્થળ:
- તક્ષશિલા વિદ્યાપીઠ વર્તમાન સમયમાં પાકિસ્તાનમાં આવેલ રાવલપિંડીની પશ્ચિમે આવેલી હતી.
- તે પ્રાચીન ગાંધાર પ્રદેશની રાજધાનીનું શહેર હતું.
- શિક્ષણ:
- સાતમા સૈકામાં તે ભારતના મહત્ત્વના ઉચ્ચ શિક્ષણના વિદ્યાકેન્દ્ર તરીકે જાણીતું હતું.
- દંતકથા અનુસાર રઘુવંશી ભગવાન રામના ભાઈ ભરતના પુત્ર તક્ષના નામ પરથી આ સ્થળનું નામ તક્ષશિલા પડ્યું હોવાનું મનાય છે.
- તક્ષશિલા વિદ્યાપીઠમાં વેદ, શસ્ત્રક્રિયા, ગજવિદ્યા, ધનુર્વિદ્યા, વ્યાકરણ, તત્ત્વજ્ઞાન, યુદ્ધવિદ્યા, ખગોળશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર વગેરે કુલ 64 વિદ્યાઓનું શિક્ષણ આપવામાં આવતું હતું.
- અહીં વિદ્યાર્થીને જે વિષયમાં રસ હોય તેનું શિક્ષણ આપવામાં આવતું.
- શિક્ષક પોતાની ઇચ્છા પ્રમાણે ગમે તેટલા વિદ્યાર્થીઓને ભણાવતા. છતાં સામાન્ય રીતે એક શિક્ષક પાસે લગભગ 20 વિદ્યાર્થીઓ ભણતા.
- વારાણસી, રાજગૃહ, મિથિલા, ઉજ્જૈન વગેરે દૂરનાં નગરોમાંથી વિદ્યાર્થીઓ આ વિદ્યાપીઠમાં અભ્યાસ માટે આવતા હતાં.
- ખ્યાતનામ વિદ્યાર્થીઓ:
- ભગવાન બુદ્ધના શિષ્ય જીવકે આ વિદ્યાપીઠમાં આયુર્વેદનું શિક્ષણ લીધું હતું. અર્થશાસ્ત્રના રચયિતા

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અને રાજનીતીજ્ઞ કૌટિલ્યે, મૌર્ય વંશના સ્થાપક ચંદ્રગુપ્ત મૌર્યે, કૌશલના રાજા પ્રસેનજિતે અને વ્યાકરણશાસ્ત્રી પાણિનિએ આ વિદ્યાપીઠમાં શિક્ષણ લીધું હતું.

- પાંચમી સદીની શરૂઆતમાં ચીની પ્રવાસી ફાહિયાને તક્ષશિલા વિદ્યાપીઠની મુલાકાત લીધી હતી.

### (3) મધ્યકાલીન સાહિત્યની ચર્ચા કરો.

- મધ્યયુગના આરંભમાં ઉત્તર ભારતમાં સંસ્કૃત ભાષામાં સાહિત્ય રચાયું.
- આયુગમાં અપભ્રંશ ભાષામાંથી આધુનિક ભારતીય ભાષાઓનો વિકાસ થયો.
- મધ્યયુગ દરમિયાન દ્રવિડકુળની ભાષાઓમાં ઘણું તમિલ સાહિત્ય રચાયું.
- આ સમય દરમિયાન તેલુગુ ભાષામાં રામાયણ અને મહાભારતનું ભાષાંતર થયું તેમજ વ્યાકરણગ્રંથો, વિજ્ઞાનવિષયક ગ્રંથો અને કેટલાંક લૌકિક સાહિત્યના ગ્રંથો રચાયા.
- મધ્યયુગમાં મલયાલમ ભાષામાં સાહિત્ય રચવાનું શરૂ થયું હતું.
- દિલ્લીના સલ્તનતકાળ દરમિયાન હિંદી ભાષાનાં બે સ્વરૂપો – વ્રજ અને ખડીબોલીમાં અનેક ભક્તિગીતો રચાયાં.
- રાજસ્થાની ભાષામાં 'આલ્હા', 'ઉદલ', 'બીસલદેવરાસો' નામની પ્રખ્યાત વીરગાથાઓ રચાઈ.
- મુલ્લા દાઉદરચિત 'ચંદ્રાયન' અવધ ભાષાનો સૌથી જૂનો ગ્રંથ મનાય છે.
- જોકે આ સમય દરમિયાન પ્રાચીન ગ્રંથો પરના ભાષ્ય ગ્રંથો (ટીકા ગ્રંથો) સંસ્કૃત ભાષામાં રચાતા હતા.
- સલ્તનતકાળમાં ફારસી દિલ્લીના સુલતાનોની રાજભાષા હતી .
- બંગાળ, ગુજરાત અને અન્ય કેટલાંક રાજ્યોના સુલતાનોએ સ્થાનિક ભાષાઓ અને સાહિત્યને પ્રોસ્તાહન આપ્યું હતું.
- કબીર જેવા ભક્તિમાર્ગના અનેક સંત કવિઓએ લોકભાષામાં ઉપદેશ આપ્યો. કબીરના દોહરા લોકસાહિત્ય તરીકે જાણીતા બન્યા. કબીરની રચાનાઓ મુખ્યત્વે સધુંકડી (સધુક્કડી) લોકબોલીમાં છે.
- આ સમયમાં અવધિ ભાષામાં મલિક મુહમ્મદ જાયસીએ 'પદ્માવત' નામનું મહાકાવ્ય, સંત તુલસીદાસે 'રામચરિતમાનસ' નામનો પ્રસિદ્ધ ગ્રંથ અને કુતુબને 'મૃગાવતી' નામનો ગ્રંથ લખ્યો.
- બંગાળના સુલતાનોનું પ્રોત્સાહન મળવાથી બંગાળીમાં કૃત્તિવાસે 'રામાયણ' કવિ ચંડીદાસે ગીતો, સંત ચૈતન્યે ભક્તિગીતો રચ્યાં.
- નરસિંહ મહેતાએ ગુજરાતી ભાષામાં અને નામદેવ તથા એકનાથે મરાઠી ભાષામાં તેમજ મીરાંબાઈએ રાજસ્થાની અને ગુજરાતીમાં પ્રખ્યાત ભક્તિપદો રચ્યાં.
- કશ્મીરમાં જૈનુલ અબિદિનના આશ્રયે 'મહાભારત' અને 'રાજતરંગિણી' જેવા સંસ્કૃત ગ્રંથોનો ફારસીમાં અનુવાદ થયો.
- વિજયનગરના મહાન સમ્રાટ કૃષ્ણદેવરાયે 'આમુક્તમાલ્યદા' નામનો ગ્રંથ રચ્યો.
- મુઘલ બાદશાહ બાબરે 'તુઝુક-એ-બાબરી' અને બાદશાહ જહાંગીરે 'તુઝુક-એ-જહાંગીરી'નામની આત્મકથાઓ તુર્કી ભાષામાં લખી. હુમાયુની બહેન ગુલબદન બેગમે હુમાયુની આત્મકથા 'હુમાયુનામા' લખી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- બાદશાહ અકબરના સમયમાં અબુલ ફઝલે ફારસી ભાષામાં 'આઈન-એ-અકબરી' નામનો ઐતાહાસિક ગ્રંથ લખ્યો તેમજ તેણે અકબરની અત્મકથા 'અકબરનામા' લખી.
- કવિ બિહારીએ 'બિહારી સતસઈ' નામની સુપ્રસિદ્ધ હિંદી કૃતિ રચી.
- મધ્યયુગ દરમિયાન ઉર્દૂ ભાષાનો જન્મ થયો, જે ભાષા-સાહિત્યની એક મહત્ત્વની ઘટના ગણાય છે.
- 18મી સદી દરમિયાન ઉર્દૂ ગ્રંથો લખાયા, જેમાં મુહંમદ હુસેન આઝાદનો 'દરબારે અકબરી' એક મહત્ત્વનો ગ્રંથ છે.

## પ્રશ્ન 2: નીચેના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો:

### (1) વલભી વિદ્યાપીઠની માહિતી આપો.

- સ્થળ:
  - → વલભી વિદ્યાપીઠ ઈસવીસનના સાતમા શતકમાં ગુજરાતનું અતિ પ્રસિદ્ધ શિક્ષણકેન્દ્ર હતું.
  - → ભાવનગર પાસેનું વલભીપુર એ સમયે મૈત્રક વંશના તત્કાલિન શાસકોની રાજધાનીનું નગર તેમજ ધીકતું આંતરરાષ્ટ્રીય બંદર હતું.
- આશ્રયદાતાઓ:
  - → વલભીપુરને પ્રસિદ્ધ વિદ્યાધામ બનાવવામાં મૈત્રક રાજાઓ અને શ્રીમંત નાગરિકો-શ્રેષ્ઠીઓનો ફાળો ખૂબ મોટો હતો.
  - → વલભીના મૈત્રક રાજાઓ આ વિદ્યાપીઠના મોટા આશ્રયદાતાઓ હતા. તેઓ બૌદ્ધ ધર્મી નહોતા, સનાતની હતા; છતાં તેઓ વિદ્યાપીઠને દાન કરતા હતા. એ દાનમાંથી વિદ્યાલયનો નિભાવ થતો હતો.
- શિક્ષણ:
  - → વલભી વિદ્યાપીઠમાં હજારો બૌદ્ધ સાધુઓ અને બ્રાહ્મણ વિદ્યાર્થીઓ તેમજ દેશ-વિદેશમાંથી અનેક વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે આવતા.
  - → એ સમયે વલભી વિદ્યાપીઠ બૌદ્ધ ધર્મના હીનયાન પંથનું કેન્દ્ર હતું. અહીં, બૌદ્ધ ધર્મ ઉપરાંત બીજા ધર્મોનું પણ શિક્ષણ આપવામાં આવતું.
  - → 7મા સૈકાની મધ્યમાં બૌદ્ધ વિદ્વાનો સ્થિરમતિ અને ગુણમતિ આ વિદ્યાપીઠના અગ્રણી આચાર્યો હતા.
  - → વલભી વિદ્યાપીઠ તેની વિશિષ્ટ શિક્ષણ પ્રણાલીને કારણે ભારત અને વિશ્વમાં પ્રસિદ્ધ બની હતી. અહીં મોટા ભાગે દરેક વિષયનું શિક્ષણ આપવામાં આવતું હતું. તે ખરેખર, આંતરરાષ્ટ્રીય વિદ્યાપીઠ હતી.
  - → ચીની પ્રવાસી ઈત્સિંગે લખ્યું છે કે, વલભી વિદ્યાપીઠ પૂર્વ ભારતની પ્રસિદ્ધ શિક્ષણસંસ્થા નાલંદા વિદ્યાપીઠ સાથે સ્પર્ધા કરતી હતી.
  - → આરબોના આક્રમણને કારણે મૈત્રક વંશનો અંત આવ્યો. આ પછી વલભી વિદ્યાપીઠ ઝાંખી પડી ગઈ અને થોડા સમય પછી વિદ્યાપીઠનો અંત આવ્યો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### (2) નાલંદા વિદ્યાપીઠ વિશે માહિતી આપો.



નાલંદા વિદ્યાપીઠ

- સ્થળ:
  - → પ્રાચીન નાલંદા વિદ્યાપીઠ બિહાર રાજ્યના પટણા જિલ્લામા બડગાંવ ગામ પાસે આવેલી હતી.
- ધાર્મિક મહત્ત્વ:
  - → ભારતીય સંસ્કૃતિમાં જૈન અને બૌદ્ધ પરંપરામાં નાલંદાનું મહત્ત્વ ઘણું છે.
  - → આ પ્રાચીન વિદ્યાપીઠમાં મહાવીર સ્વામીએ ચૌદ ચાતુર્માસ કર્યા હોવાથી તે જૈનતીર્થ બન્યું હતું.
  - → 5મી સદીમાં કુમારગુપ્તે અહીં એક વિહાર બંધાવેલ.
- શિક્ષણ:
  - → ઈસુની 5મીથી 7મી સદી દરમિયાન નાલંદા વિદ્યાપીઠ શિક્ષણધામ તરીકે ખૂબ પ્રસિદ્ધ હતી.
  - → દેશ-પરદેશથી અનેક વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ અને સંશોધન માટે આવતા.
  - → નાલંદા વિદ્યાપીઠમાંથી અભ્યાસ કરીને બહાર નીકળેલ વિદ્યાર્થી ભારતનો આદર્શ વિદ્યાર્થી ગણાતો.
  - → અહીં વિશ્વમાં શ્રેષ્ઠતમ ગણાય તેવાં ગ્રંથાલયો હતા. અહીંનો ગ્રંથાલય વિસ્તાર 'ધર્મગંજ'ના નામથી ઓળખાતો હતો.
  - → નાલંદા વિદ્યાપીઠમાં સાત મોટા ખંડો હતા અને વ્યાખ્યાન માટેના 300 ખંડો હતા.
  - → 7મી સદીમાં ચીની પ્રવાસી યુઅન-શ્વાંગે આ વિદ્યાપીઠમાં અભ્યાસ કર્યો હતો. તે ચીન પાછો ગયો ત્યારે 657 જેટલા હસ્તલિખિત ગ્રંથો પોતાની સાથે લઈ ગયો હતો.
  - → વિદ્યાપીઠના નિભાવ માટે દાનમાં મળેલાં અનેક ગામોની આવકમાંથી વિદ્યાર્થીઓને રહેઠાણ, ભોજન અને વસ્ત્રો વિનામૂલ્યે પૂરાં પાડવામાં આવતાં હતાં.
  - → નાલંદા વિદ્યાપીઠમાં તત્ત્વજ્ઞાન, શિલ્પકલા, મંત્રવિદ્યા, ન્યાય, વ્યાકરણ, તર્કશાસ્ત્ર, યોગશાસ્ત્ર વગેરે વિષયોનું તેમજ બૌદ્ધ ધર્મ અને વેદ ધર્મનું શિક્ષણ આપવામાં આવતું હતું.
  - → દેશ-પરદેશમાં જ્ઞાનની અખંડ જ્યોત ફેલાવનાર નાલંદા વિદ્યાપીઠનાં આજે ખંડેરો જ જોવા મળે છે. છતાં પણ તેઓ દેશની ભવ્ય સંસ્કૃતિની ઝાંખી કરાવે છે.

## પ્રશ્ન 3: નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો:

### (1) યજુર્વેદ વિશે સમજૂતી આપો.

- યજુર્વેદ એ યજ્ઞનો વેદ કહેવાય છે. તે ગદ્ય અને પદ્ય સ્વરૂપે રચાયેલ છે. તેમાં યજ્ઞ વખતે બોલવામાં આવતા મંત્રો, ક્રિયાઓ અને વિધિઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

### (2) અથર્વવેદમાં કઈ માહિતી આપવામાં આવી છે?

- અથર્વવેદમાં અનેક પ્રકારના કર્મકાંડો અને સંસ્કારોની માહિતી આપવામાં આવી છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**(3) શ્રીમદ્ ભગવદ્ગીતામાં કયા દાર્શનિક સિદ્ધાંતોનું વિવેચન છે?**

- શ્રીમદ્ ભગવદ્ગીતામાં જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ અને ભક્તિમાર્ગ – આ ત્રણ મોક્ષપ્રાપ્તિના દાર્શનિક સિદ્ધાંતોનું વિવેચન છે.

**પ્રશ્ન 4: નીચેના દરેક પ્રશ્નની નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો:**

**1) ભારતીય સાહિત્યનો પ્રાચીનતમ ગ્રંથ .................. છે.**

(A) ઋગ્વેદ

(B) યજુર્વેદ

(C) સામવેદ

(D) અથર્વવેદ

**2) બૌદ્ધ સાહિત્ય કઈ ભાષામાં લખાયું છે?**

(A) પાલી

(B) હિન્દી

(C) બ્રાહ્મી

(D) ગુજરાતી

**3) દ્રવિડકુળની સૌથી જૂની ભાષા કઈ છે?**

(A) તમિલ

(B) તેલુગુ

(C) કન્નડ

(D) મલયાલમ્

**4) કવિ ચંદબરદાઈનો કયો ગ્રંથ હિન્દી સાહિત્યનો પ્રારંભિક ગ્રંથ છે?**

(A) પૃથ્વીરાજરાસો

(B) વિક્રમાકદેવચરિત

(C) કવિરાજમાર્ગ

(D) ચંદ્રાયન

**5) મહર્ષિ પાણિનિનો મહાન ગ્રંથ કયો છે?**

(A) અષ્ટાધ્યાયી

(B) પૃથ્વીરાજરાસો

(C) વિક્રમાકદેવચરિત

(D) ચંદ્રાયન

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in